

# રાવણને દર વર્ષે શા માટે બાળવામાં આવે છે?

જીવન સરગમ
બિન્દુબેન કચરા

અહમને વાતે વાતે વાંકું,
વાતો મોટી માથું મોટું,
સાફો સૌથી મોટો
એ પોતાને દરિયો માને
હૃદય ભલે પરપોટો

- સુરેશ દલાલ

ભારત આધ્યાત્મપ્રધાન દેશ છે. આપણા તહેવારોનું પણ આધ્યાત્મિક રહસ્ય છે. આજે તહેવારો તો ઉજવાય છે પણ તેનું સાચું રહસ્ય ભુલાઈ ગયું છે. દર વર્ષે દશેરા અથવા વિજયા દશમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. કેટલાય દિવસો પહેલાંથી જ રામલીલા શરૂ થઈ જાય છે. બાળકો, વૃદ્ધો બધાં જ ઉત્સાહથી રાવણને બળતો જોવા આતુર બને છે. જ્યારે દશેરાનો દિવસ આવે છે ત્યારે ખૂબ જ આનંદ માણે છે. જરૂર રાવણ આપણો દુશ્મન હોવો જોઈએ. હવે પ્રશ્ન એ થાય કે આ રાવણ શત્રુ કોણ છે? અને તેને દર વર્ષે કેમ બાળવામાં આવે છે? તો તેનો જવાબ એ છે કે તે લંકાનો રાજા હતો, તે એટલો શક્તિશાળી હતો કે જેણે જળ, અગ્નિ, વાયુ અને કાળને પોતાના પલંગના પાયે બાંધી રાખ્યાં હતાં. રાવણને દશાનન અથવા દસ માથાંવાળો કહેવામાં આવે છે પરંતુ શું એ વાત સાચી હોઈ શકે કે કોઈ વ્યક્તિને દસ માથાં હોય?

વાસ્તવમાં રાવણ કોઈ વ્યક્તિ વિશેષનું નામ નથી, ન એવો કોઈ દસ માથાંવાળો માણસ હોય, રાવણ માયાનું પ્રતીક છે અને એનાં દસ માથાં માયાનાં - કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર, ઈર્ષ્યા, મદ\R, સ્વાર્થ\R, અન્યાયીપણું\R, ઘાતકીપણું\R. દશાનન રાવણ શિવનો ભક્ત હતો\R, એ મહાવિદ્વાન તથા ઉત્તમ રાજાની સાથે સાથે વીણાવાદનમાં પણ માહિર હતો\R. નર્મદા કિનારે શિવને પ્રસન્ન કરવા રાવણે શિરચ્છેદ કર્યો\R. દરેક વખતે તેનો શિરચ્છેદ થતો ત્યારે એનું મસ્તક ફરી આવી જતું. આવું\R દસ વખત બન્યું\R, આખરે શિવજી પ્રસન્ન થયા\R. રાવણે દસ વખત શિર અર્પણ કર્યું હતું એટલે શિવજીએ એને દસ શિર આપ્યાં\R.

દસ તામસી દુર્ગુણો જે મનુષ્યને રાક્ષસ બનાવે છે\R. આ વિકારોનું દહન એટલે દશેરા\R, વિકારો ઉપર વિજય મેળવવો એ જ સાચી વિજયાદશમી છે\R.

આ દસ માથાં એટલે કે રાવણે છ શાસ્ત્રો અને ચાર વેદમાં નિપુણતા હાંસિલ કરી હતી\R. પછી તો એની સિદ્ધિઓ વધવા માંડી\R, તાકાત વધવા માંડી અને પછી લંકા ઉપર વિજય મેળવ્યો\R. શક્તિ વધી સાથે અભિમાન પણ વધવા માંડ્યું\R, પછી એ શિવના દર્શને કૈલાસ ગયો\R. શિવના દ્વારપાળ નંદીએ અટકાવ્યો\R, રાવણે નંદીને કહ્યું કે- ''હું કોણ છું એ તું જાણે છે\R?'' નંદીએ કહ્યું કે- ''તમે જે હોય તે પણ અત્યારે શિવને નહીં મળી શકો...!''\R

આથી રાવણનો અહમ ઘવાયો અને એણે નંદી સાથે ગેરવર્તણૂક કરી, ગુસ્સે થયેલાં નંદીએ શ્રાપ આપ્યો કે– 'એક વાનર તારી લંકાનો નાશ કરશે!'

રાવણ આ વાત સાંભળી ખડખડાટ હસ્યો. એને આ વાત મજાક જેવી લાગી.

સાચે જ જ્યારે હનુમાનજી એની લંકા બાળે છે ત્યારે નંદી યાદ આવે છે. હવે એને ભાન થાય છે કે મેં અભિમાનમાં આવીને કેટલા બધા લોકોનું અપમાન કર્યું છે. ધીરે ધીરે બધું યાદ આવવા માંડે છે પણ ત્યારે બહુ મોડું થઈ ગયું હતું, એનો મદ એટલો બધો વધી ગયેલો કે તેણે શિવને પણ પડકાર ફેંકેલો, જો કે શિવે બે મિનિટમાં જ એનું અભિમાન ઉતારી દીધેલું.

આમ અહંકારથી માણસ પડે છે. અહમનું વિસર્જન કરવું જ રહ્યું–પણ અહમનો લોપ કરવો સહેલો નથી. કોઈએ કહ્યું છે કે અહંકારને રાવણ કરતાંય વધારે માથાં છે, એક કાપો તો બીજું તૈયાર જ હોય. કહેવાય છે કે રાવણ પોતાના અહમના કારણે ભગવાન રામના હાથે મરાયો હતો–તે

**અહંકારને આંધળો અને બહેરો કહ્યો છે. આંધળો એટલા માટે કે અહંકારી વ્યક્તિ પોતાની સિદ્ધિ સિવાય અન્યનું સારું જોઇ શકતી નથી, પોતાને માટે પણ સાચુંખોટું શું છે તે તેની નજરે આવતું નથી. તેને પોતાનાં વખાણ સિવાય બીજું કંઇ સાંભળવું ગમતું નથી**

ખૂબ જ વિદ્વાન હતો પણ અહમને કારણે તેનું વિદ્વાનપણું કામ ન આવ્યું. દશેરાના દિવસે આપણે પણ આપણામાં રહેલી રાવણવૃત્તિ–ઈર્ષા–ક્રોધ–ગુસ્સો, નિંદા, બૂરાઈ કરવી, બદલો લેવો. આવાં આંતરિક રાવણનો અગ્નિસંસ્કાર નહીં કરીએ ત્યાં સુધી આપણે આપણા પર વિજય મેળવી શકીશું નહીં. અહંકાર એ આંખમાં પડેલાં કણા જેવો હોય છે અને આ પર્વ એ જ શીખવે છે, મનમાં રહેલા આવા દસ વિકારો-દસ શત્રુઓનું દશેરાને દિવસે દહન કરીએ. રાવણ તો એક પ્રતીક છે.

આજે સમાજની અંદર અનેક રાવણો ફૂટી નીકળ્યા છે. જે દીકરી, બહેનોની લાજ લૂંટી બળાત્કાર કરી હત્યા કરે છે. સર્વત્ર ચોરી, લૂંટફાટ, હિંસા, વ્યભિચાર વધી રહ્યાં છે. ચિંતાનો વિષય બની ગયો છે ત્યારે આપણે દુર્ગુણોનું દહન કરી સાવધાન થઈ સદાચારમય જીવન જીવવું પડશે. સમાજમાં ખુલ્લેઆમ વિચરી રહેલાં જીવતાં રાવણથી બહેન, દીકરીઓનું રક્ષણ કરવું પડશે. આ છે આ તહેવારની ફળશ્રુતિ...

તો વાચકમિત્રો...! સંસારના રોજબરોજના વ્યવહારમાં પણ ઘરમાં વ્યક્તિઓ સાથે અહમને લીધે ઝઘડો થાય છે, સાસુ પોતાનો અહમ્ પોષવા વહુ પાસે ધારેલું કાર્ય કરાવે છે. વડીલો અને યુવાનો વચ્ચેનો ટકરાવ પણ અહમને લીધે થાય છે. મનમાંથી અહંકાર અને મમકારને ત્યજો તો જીવન ઉત્તમ..! અહંકારને આંધળો અને બહેરો કહ્યો છે. આંધળો એટલા માટે કે અહંકારી વ્યક્તિ પોતાની સિદ્ધિ સિવાય અન્યનું સારું જોઈ શકતી નથી, પોતાને માટે પણ સાચુંખોટું શું છે તે તેની નજરે આવતું નથી. તેને પોતાનાં વખાણ સિવાય બીજું કંઈ સાંભળવું ગમતું નથી, આવો અહંકાર જે ઉધઈના કીડાની જેમ વ્યક્તિની સારપને કોતરી ખાય છે. અભિમાન, ગુમાન, ઘમંડ, અહંકાર એ બધાં એક જ કારખાનાનો માલ જોઈ લો, નામ જુદાં પણ કામ એક જ. અન્યની શક્તિને ઓછી મૂલવનાર હિટલરને અંતે આત્મહત્યા કરવી પડી હતી, મારા જેવો બીજો કોઈ જંગલમાં સિંહ હોય જ નહીં એવું અભિમાન કરનાર સિંહ કૂવામાં કૂદીને મરી ગયો. મને વળી આ નાનકડો ઉંદર શું મદદ કરવાનો હતો? એમ ગુમાન કરનાર સિંહને જ્યારે નાના નાના ઉંદરોએ જાળ કાપી નાંખીને છોડાવ્યો ત્યારે તેનું અભિમાન ઓગળી ગયું અને એને ભાન થયું કે નબળા પણ સબળાને મદદ કરી શકે છે.

તો મિત્રો, દરેક કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અજ્ઞાન, તૃષ્ણા, અહંકાર આ દસ મહાશત્રુને જીતવાના છે, ત્યારે જ આપણે ખરા અર્થમાં રાવણનો નાશ કર્યો કહેવાશે– અને દશેરા ઉજવ્યો કહેવાશે. સાથે સાથે વ્યાપેલી મોંઘવારીના રાવણનું પણ દહન કરીએ–! હેપ્પી દશેરા!

## સુવર્ણરજ

શ્રી ઝવેરચંદ મેઘાણીની પ્રાર્થના સ્મરીએ...!
મારી જ્ઞાનગુમાનની ગાંસડી,
ઊતરાવો શિરેથી આજ...!